* D C O - 1 9 0 1 0 1 0 1 0 1 0 6 2 2 0 2 *

**DCO-1901010101062202** Seat No. ______

# B. A. (Sem. VI) (CBCS) (W.E.F. 2019) Examination

**July - 2022**

## Gujarati : Paper - 22

**(વૈકલ્પિક) (ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૬)**

**(New Course)**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા ફરજિયાત પ્રશ્નો છે.

(2) દરેક પ્રશ્નના ગુણ 14 (ચૌદ) છે.

**1** કાવ્ય વાંચી નીચેના પાંચ પ્રશ્નોના ઉત્તર આપો : **14**

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું
ભલા પીલે; વ્હીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચી લે સખ્ય અહીંયા,
નથી તારે માટે થઈ જ, નિરમી 'દુષ્ટ' દુનિયા.
- અહો નાનારંગી અજબ દુનિયા! શે સમજવી?
તને ભોળાભાવે કરું પલટવા, જાઉં પલટી;
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી!
વિસારી હુંને જો વરતું, વરતે તું મધુરવી.-

મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હાસો, ગિરિવરતણાં શૃંગ ગરવાં;
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે;
જનોત્કર્ષે હ્રસે પરમ ઋતલીલા અભિરમે,
-બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું :
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

**-ઉમાશંકર જોશી**

(૧) આયુષ્યનાં બાકી રહેલાં વર્ષોમાં કવિ કેવું જીવન ઝંખે છે ?
(૨) દુનિયાને પલટવાના કવિના પ્રયત્નો શાથી નિષ્ફળ નીવડે છે ?
(૩) 'દુષ્ટ' નહીં પણ 'મધુરવી' દુનિયાનો અનુભવ ક્યારે થઈ શકે ?
(૪) કવિને કોણ આમંત્રે છે ?
(૫) આ રચનાનું સાહિત્ય સ્વરુપ જણાવી કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

1 કાવ્ય વાંચી નીચેના પાંચ પ્રશ્નોના ઉત્તર આપો :

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતનાં હાથ ઝાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેનો
  ખુદાનો ભરોસો નકામ;
છો ને એકતારે ગાઈ ગાઈને કહે,
  'તારે ભરોસે, રામ!'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ, હો ભેરુ,
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
  સાગર મોઝારે ઝુકાવીએ;
આપણા વહાણનાં શઢ ને સુકાનને
આપણા જ હાથે સંભાળીએ, હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
  કોણ લઈ જાય સામે પારઃ
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ, હો ભેરુ.

- પ્રહલાદ પારેખ

(૧) કવિ કોના હાથ ઝાલીને ચાલવાનું સૂચવે છે ? શાથી ?
(૨) 'તારે ભરોસે રામ' એ સૂત્ર કવિને કેમ ખોટું જણાય છે ?
(૩) આ કાવ્યનો ધ્વનિ શો છે ?
(૪) કવિએ યોજેલું રૂપક સમજાવો.
(૫) 'આપણા વહાણનાં શઢ ને સુકાનને
આપણા જ હાથે સંભાળએ, હો ભેરુ.' - આ પંક્તિ સમજાવો.

2 ગદ્યખંડ વાંચી નીચેના પાંચ પ્રશ્નોના ઉત્તર આપો. 14

ખરી કેળવણી તો શાળા છોડ્યા પછી શરૂ થાય છે. જેણે તેની કિંમત છે તે તો સદાયને સારુ વિદ્યાર્થી છે. પોતાનું કર્તવ્ય પાલન કરતાં અને તેના કર્તવ્યપાલનને અર્થે, તેના જ્ઞાનમાં નિત્ય વૃદ્ધિ થવી જ જોઈએ. કેળવણીની પ્રગતિમાં એક વસ્તુ રોકનારી થઈ પડી છે. શિક્ષક વિના શિક્ષણ લેવાય જ નહીં એ વહેમ સમાજની બુદ્ધિને રુંધી નાખે છે. મનુષ્યનો ખરો શિક્ષક તે પોતે જ છે. આજકાલ તો શિક્ષણ પોતાની મેળે મેળવવાનાં સાધનો પણ પુષ્કળ થઈ પડ્યાં છે. અનેક વસ્તુનું જ્ઞાન સહુ ખંતથી મેળવી શકે છે, અને જ્યાં શિક્ષકની જરૂર પડે છે ત્યાં પોતે મેળવી લે છે. અનુભવ મોટામાં મોટી નિશાળ છે. કંઈક ધંધા તો શાળામાં ન શીખાય, પણ તે તે ધંધાનાં કૌશલ દુકાન કે કારખાનામાં શીખાય છે. શાળાનું જ્ઞાન ઘણીવાર પોપટિયું હોય છે. ધંધાઓની બહારનું જ્ઞાન પુસ્તકોમાંથી મળે છે એટલે મોટી ઉંમરે પહોંચેલાનું સારુ શાળાની જરૂર કરતા ઈચ્છાની, ખંતની અને આત્મવિશ્વાસની જરૂર છે.

- ગાંધીજી

(૧) ખરી કેળવણી કેવી રીતે મેળવી શકાય ?
(૨) કેળવણીની પ્રગતિમાં કઈ બાબત વિઘ્નરૂપ થઈ પડી છે ?
(૩) ગાંધીજીની દ્રષ્ટિએ મનુષ્યનો ખરો શિક્ષક કોણ ગણાય ? શાથી ?
(૪) સમજાવો : 'અનુભવ મોટામાં મોટી નિશાળ છે'
(૫) પ્રૌઢ માણસોની કેળવણી માટે ગાંધીજી કયો માર્ગ સૂચવે છે ?

**અથવા**

**2** ગદ્યખંડ વાંચી નીચેના પાંચ પ્રશ્નોના ઉત્તર આપો :

...... જીવનને અમુક રીતે રંગવામાં, જીવનને અપરિચિત સૌંદર્ય આપવામાં, તેને ભાવનામય - આદર્શમય કરવામાં સાહિત્ય મદદ કરે છે. સાહિત્યકાર એક એવી જાતનું તેજ વસ્તુને આપે છે જે દરિયા કે પૃથ્વી પર હોતું નથી. આ તેજ કલ્પનાનું, પ્રતિભાનું તેજ છે. તુચ્છ વસ્તુ પર સાહિત્યકાર એવો પ્રકાશ નાખે કે તે અસામાન્ય બની જાય. એનો અનુભવ આપણે સૌએ કર્યો હશે. નર્મદાતટે આવેલું તાડનું વન તમે જઈ આવો, પથી તે વનનું કોઈ સાહિત્યકારે દોરેલું શબ્દચિત્ર વાંચી, પાછા તે વન જોવા જાઓ. બીજી વખત તમને તે વન ઓર રમણીય લાગશે. આ સાહિત્યકાર આપણા જીવનમાં અદ્દભૂત તેજ, મધુરતા, ભાવના પૂરે છે. જેમ કુદરતના દ્રશ્યમાં ચિત્ર કે સાહિત્ય નવું તેજ, નવી રમણીયતા પૂરે છે, તેમ જીવનના નાના-નાના પ્રસંગોમાં પણ તે નવું તેજ, નવી રમણીયતા પૂરે છે. અનંતકાળથી આપણા ઉરમાં હતું અને જેને વાચા મળી નહોતી તેને સાહિત્યકાર આપણે માટે વાચા આપી જાય છે. આથી અસ્પષ્ટ, અમૂર્ત વસ્તુ સ્પષ્ટ, સુરેખ અને મૂર્ત થાય છે. ભાષામાં જાણે નવું ચલણ પ્રવેશે છે. સાહિત્ય એ ભાષાનું જ સુસંસ્કૃત નાગર સ્વરૂપ છે અને સૂક્ષ્મ વ્યવહાર માટે ભાષા જેટલું જ આવશ્યક છે.

- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

(૧) સાહિત્ય આપણને કેવી રીતે મદદરૂપ બને છે ?
(૨) સાહિત્યકારની પ્રતિભાનું તેજ કેવું હોય છે ?
(૩) સાહિત્યકાર આપણા જીવનમાં તેજ, મધુરતા અને ભાવનાના રંગો કેવી રીતે પૂરે છે ?
(૪) જીવનના પ્રસંગોને તથા ભાવોને સાહિત્યકાર કેવુ રૂપ આપે છે ?
(૫) લેખક સાહિત્યને ભાષા જેટલું જ આવશ્યક કેમ માને છે ?

**3** નીચેના કાવ્યનું રસદર્શન કરો. **14**

અખિલ બ્રહ્માંડમં એક તું શ્રીહરિ, જૂજવે રુપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.

પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ ચાખવા, શિવ થકી જીવ થયો એ જ આશે.
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.
વેદ તો એમ વદે શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.

ગ્રન્થ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને ગમે તેહ પૂજે;
મન વચન કર્મથી, આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂજે.
અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રીહરિ.

વૃક્ષમાં બીજ તુ, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરે એ જ પાસે;
ભણે નરસૈયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.
અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રીહરિ.

-નરસિંહ મહેતા

**અથવા**

3 નીચેના કાવ્યનું રસદર્શન કરો.

રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલો ના લૈ,
દોરી રહ્યું છે કોમ આ નકશા વસંતના ?

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના !

મહેંકી રહી છે મંજરી એક એક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના !

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયા થે આજ તો છાંટા વસંતના !

ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

-મનોજ ખંડેરિયા

4 સંધિના પ્રકારો જણાવી, સ્વરસંધિનાં નિયમો ઉદાહરણ આપીને લખો. **14**

**અથવા**

4 વ્યંજનસંધિનાં નિયમો ઉદાહરણ આપીને લખો.

5 નીચેના ચારમાંથી કોઈ પણ **બે**ના ઉત્તર આપો : **14**

(1) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો.
મહાશય, કવીશ્વર, પરમેશ્વર, મહોત્સવ, સૈદવ, અન્વેષણ, ગાયક.

(2) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો.
ચતુષ્કોણ, પુનઃસ્થાપક, પ્રણામ, સંદેશ, અનુપયોગ, ઉલ્લેખ, તલ્લીન.

(3) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો.
યશોદા, ધનુર્ધર, નીરવ, નિષ્કામ, નિષ્ફળ, પ્રસ્થાન, તિરસ્કાર.

(4) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો.
સપ્તર્ષિ, પ્રત્યુત્તર, સ્વાગત, પરિણામ, અલંકાર, નિષ્પાપ, પ્રાયશ્ચિત.

---